લક્ષ્યનું મહત્વ શું અને તેના પર ટકી રેહવા શું કરું ?

નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓ ને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઇક કરી શકો છોઃ facebook.com questions.careercorner પર.

૧. હું હાલ સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી કરું છું. ઘણી પરીક્ષાઓ આપી પણ સફળતા મળતી નથી. હતાશ છું. શું કરું?

- નિલેશ શર્મા, ગાંધીનગર

નીલેશ, આપનો આ પ્રશ્ન આપ એકલાનો નહીં પણ બીજા અનેક વિદ્યાર્થીઓને મુંઝવતો પ્રશ્ન છે. સૌ પ્રથમ તો આપના દ્વારા, આપ અને બીજા જે પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે, તેમને જણાવવા માંગીએ છીએ કે આપે હિંમત હારવાની કોઈ જરૂરી નથી. આજના આ સ્પર્ધાત્મક યુગ માં એક વસ્તુ જે આપને સાથ આપશે એ છે આપની હિંમત અને આપની મેહનત. તો આપે મેહનત કરવાની છોડવાની નથી. અમે કહ્યું

એ મુજબ આ સ્પર્ધાત્મક યુગમાં આપને પ્રથમ, બીજા કે ત્રીજા પ્રયત્ને સફળતા હાથ લાગે જ એ જરૂરી નથી. કોઈ વાર વધુ સમય પણ લાગી શકે છે.આ પરિસ્થિતીમાં આપે હતાશ કે નિરુત્સાહ થવાની કોઈ જરૂર નથી,પણ દરેક નિષ્ફળતાનું જરૂરી વિશ્લેષણ કરવાની જરૂર છે. એક સુવિચાર આપે વાંચેલ હશે કે "નિષ્ફળતા જ સફળતાની ચાવી છે." એટલે દરેક નિષ્ફળતા પાછળના કારણ તપાસ કરો કે આપની ભૂલ ક્યાં થાય છે અને કયા વિષયના કારણે આપ નિષ્ફળ થઈ રહ્યા છો એ ભાગ અથવા વિષય ને વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરો.અને બીજી અને ખૂબ જ મહત્વ ની બાબત એ છે કે આ પરિસ્થિતીમાં હતાશ થવાની કોઈ જરૂર નથી. તમને પહેલા કહ્યું એ મુજબ આ ક્ષેત્રમાં ગળાકાપ સ્પર્ધા રહેલ છે.

એક જગ્યા મેળવવા માટે સરેરાશ ૩૦૦ થી વધુ વ્યક્તિ હરીફાઈમાં હોય છે.એટલે દરેક વ્યક્તિને સરકારી નોકરી મળે એ શક્ય નથી. એ સત્ય છે કે સરકારી નોકરી એક પ્રકારે આપનું ભવિષ્ય સુરક્ષિત કરે છે.પણ એ પણ જણાવી દઈએ કે સરકારી નોકરી જ સર્વસ્વ નથી.જો કોઈ કારણસર આપને સરકારી નોકરી નથી મળતી તો હતાશ થવાની કોઈ જરૂર નથી.બીજા અનેક એવા ક્ષેત્ર છે જેમાં આપ જઈ શકો છો અને સારી એવી સફળતા પ્રાપ્ત કરી શકો છો.કહેવાય છે કે ભગવાન એક દરવાજો બંધ કરે ત્યારે બીજા દસ દરવાજા ખોલે છે.એટલે કે આપે આપની નજર ચારે દિશાઓમાં રાખવાની રહેશે અને આપ આપની લાયકાત અને મેહનત મુજબ બીજી ઘણી સારી એવી નોકરી મેળવી શકો છો.તો છેલ્લે બસ આપને કહીશું કે આપ હિંમત હાર્યા સિવાય આપની મેહનત યોગ્ય દિશામાં ચાલુ રાખો. આપને નજીક ના ભવિષ્ય માં જ આપની મનપસંદ નોકરી મળી જાય એવી પ્રભુને પ્રાર્થના. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ફોન કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૨. હું હાલ બેંકિંગ ની પરીક્ષા ની તૈયારી કરું છું. જીવનમાં અને ખાસ કરીને કારકિર્દી ઘડવામાં લક્ષ્યનું મહત્વ કેટલું અને તેના પર ટકી રેહવા માટે શું કરવું?

- મનાલી પરીખ, ગાંધીનગર



મનાલી, આપનો પ્રશ્ન ખૂબ જ સરસ અને મહત્વપૂર્ણ છે.અને ખાસ કરી ને હાલ ચાલી રહેલ સમયમાં ખૂબ જરૂરી બની રહે છે.સૌપ્રથમ તો જણાવી દઈએ કે લક્ષ્ય વગર નું જીવન એટલે નાવિક વગર ની હોડી.નાવિક વગર હોડી નદી માં ચાલે તો છે પણ એની કોઈ દિશા નક્કી નથી હોતી એ પ્રવાહ ની દિશા માં ચાલ્યા રાખે છે.એમ જો જીવન માં લક્ષ્ય નહીં હોય તો આપની જિંદગી ચાલશે તો ખરી પણ આપ કોઈ નિશ્ચિત સફળતા પ્રાપ્ત નહી કરી શકો.તો કોઈ પણ ક્ષેત્ર માં સફળ થવા માટે સૌથી પેહલા લક્ષ્ય રાખવું ખૂબ જરૂરી છે.અને તેનાથી પણ વધુ મહત્વ નું છે એ લક્ષ્ય ને વળગી રેહવું.એટ્લે કે આપે આપના લક્ષ્ય પ્રત્યે વફાદાર રેહવું ખૂબ અગત્ય નું છે. જ્યાં સુધી આપને અે મા઼ સફળતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપે પ્રયત્ન છોડવા જોઈએ નહીં. આપે પ્રશ્નમાં પૂછ્યું છે એમ લક્ષ્ય પર ટકી રેહવા માટે સૌથી અગત્ય નું પાસું છે આત્મવિશ્વાસ.જો આપને પોતાના પર પૂરો વિશ્વાસ હશે તો આપ ચોક્કસ નક્કી કરેલ લક્ષ્ય પાર પાડી શકશો. તેમાં પછી આજુબાજુના લોકોના મંતવ્ય અથવા વિચારનું અનુસશરણ કરવાને બદલે આપે આપના જ લક્ષ્યને પૂરું કરવાની મેહનત ચાલુ રાખવી જોઈએ. આમ આપજો પૂરા આત્મવિશ્વાસ સાથે અપની મેહનત સતત ચાલુ રાખશો તો એક દિવસ આપને ચોક્કસ સફળતા પ્રાપ્ત થશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ફોન કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

ઈમેલ : questions.careercorner@gmail.com
WhatsApp : 8849221653
Facebook : www.facebook.com/questions.careercorner

રંગોલી સ્કૂલનો રંગારંગ વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૧૧

શહેરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનો પાંચમો વાર્ષિકોત્સવ તાજેતરમાં ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રાજ્યોનાં લોકનૃત્યો, લોકગીતો ઉપરાંત સામાજિક સંદેશ આપતું સુંદર નાટક પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, સંસ્કૃતિ સંસ્થાના મંત્રી મનોજ શુક્લ અને રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, મહેસાણાના ટ્રસ્ટી રિંકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય આમંત્રિત તરીકે સાહિત્યપ્રેમી, વિવેચક ડંકેશ ઓઝા, પગરવ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડૉ. વૈભવ પટેલ, રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, મહેસાણાનાં પ્રિન્સિપાલ મંજુલા સચીન, ભગવતી ઈન્ટરનેશનલ સ્કૂલ, પાટણના પ્રિન્સિપાલ રાજેન્દ્ર માલવાલ અને ગ્લોબલ ઈન્ડિયન ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ સીઝર ડિસોઝા ઉપસ્થિત રહ્યા હતા.

સ્કૂલનાં પ્રિન્સિપાલ અનામિકા અંજારિયાએ વાર્ષિક ઉત્સવની થીમ અંગે સૌને સમજ આપી હતી. ગ્રુપ ચેરમેન પ્રહર અંજારિયાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં શિક્ષણ અને સફળતા અંગેના વિચારો અભિવ્યક્ત કર્યા હતા. ટ્રસ્ટી પ્રણવ સોનીની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમનું અસરકારક સંચાલન પ્રિતમ પાંડા અને પ્રિયંકા કૌશિક દ્વારા કરવામાં આવ્યું હતું.

એસ. કે. પટેલ સ્કૂલમાં 'વેજીટેબલ ડે'

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ. સ્કૂલમાં 'વેજીટેબલ ડે' ઉજવાયો હતો. તેમાં બાળકો શાકભાજીના ચાર્ટ બનાવીને લાવ્યા હતા. તથા અવનવા શાકભાજી જેવા કે ભીંડા, ટામેટાં, કોબી, રીંગણ, બનીને આવ્યા હતા. શિક્ષકોએ બાળકોને શાકભાજી ખાવાથી થતા ફાયદાઓ અંગે સમજ આપી હતી. બાળકોએ અને શિક્ષકોએ સાથે મળીને આ ડે ખૂબ ઉત્સાહ પૂર્વક ઉજવ્યો હતો.

ગાંધીનગર આઈઆઈટીમાં 'જશ્ન'

આઈઆઈટી, ગાંધીનગર દ્વારા તાજેતરમાં કલ્ચરલ ફેસ્ટ 'જશ્ન'નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ટ્રા-કૉલેજ કલ્ચરલ ફેસ્ટનો આ આઠમો વાર્ષિક કાર્યક્રમ હતો, જેમાં કલ્ચરલ અને ટૅલેન્ટ ઍક્ટિવિટીઝ યોજાઈ હતી. સ્પોર્ટ્સ ક્વિઝ, કાર્ડ ગેમ્સ, ટ્રેઝર હન્ટ, લેન ગેમિંગ, લાઈવ સ્નેક્સ એન્ડ લેડર્સ, એન્ગ્રી બર્ડ્સ, લાઈવ ફૂટબૉલ, માઈનફિલ્ડ, પાર્લામેન્ટરી ડિબેટ, ફોટોગ્રાફી, ઍડ-મૂવી મેકિંગ કોમ્પિટીશન, ડાન્સ, ડ્રામા, સ્ટેન્ડ-અપ કૉમેડી, સિંગીંગ અને મ્યુઝિકલ પરફોર્મન્સ જેવા ઉપક્રમે આ કાર્યક્રમમાં યોજવામાં આવ્યા હતા, જે કારણે ઈવેન્ટ 'જશ્ન'નું નામ સાર્થક થયું હતું. ૭૬૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ૫૦ હજારથી વધુની રકમનાં ઈનામો પ્રાપ્ત કર્યાં હતાં.

ગાંધીયાત્રા

ગાંધીજીના ઘરમાં સત્યાગ્રહ

પહેલો જેલનો અનુભવ મને ૧૯૦૮માં થયો. તે દરમ્યાન મેં જોયું કે જેલમાં જે કેટલાક નિયમો કેદીઓ પાસે પળાવવામાં આવતા હતા તે નિયમો સંયમીએ અથવા બ્રહ્મચારીએ સ્વેચ્છાએ પાળવા જોઈએ. જેમ કે, કેદીઓએ સૂર્યાસ્ત પહેલાં પાંચ વાગ્યા સુધીમાં ખાઈ લેવું. તેમને-હિંદીઓ તેમજ હબસી કેદીઓને-ચા કે કૉફી ન મળે, મીઠું ખાવું હોય તે



નોખું લે. સ્વાદને સારુ તો કંઈ ખવાય જ નહીં. જ્યારે મેં જેલના દાક્તરની પાસે હિંદીઓને સારુ 'કરી પાઉડર'ની માગણી કરી અને મીઠું રસોઈમાં પકાવતી વેળાએ જ નાખવા કહ્યું ત્યારે તે બોલ્યા, 'અહીં તમે લોકો સ્વાદ કરવા નથી આવ્યા. આરોગ્યની દૃષ્ટિએ 'કરી પાવડર'ની કશી જરૂર નથી. અરોગ્યની દૃષ્ટિએ મીઠું ઉપર લો કે પકાવતી વેળા રસોઈમાં નાખો બન્ને એક જ વસ્તુ છે.'

ત્યાં તો મહામહેનતે અમે અંતે જોઈતો ફેરફાર કરાવી શક્યા હતા, પણ કેવળ સંયમની દૃષ્ટિએ વિચારતાં તો બન્ને પ્રતિબંધો રૂડા જ હતા. પરાણે મુકાયેલો આવો પ્રતિબંધ ન પળે, પણ સ્વેચ્છાએ પાલન કરેલો આવો પ્રતિબંધ બહુ ઉપયોગી થઈ પડે. તેથી જેલમાંથી નીકળ્યા બાદ એ ફેરફારો મેં તુરત કર્યા. બને ત્યાં લગી ચા લેવાનું બંધ કર્યું ને સાંજે વહેલા જમવાની ટેવ પાડી, જે આજે સ્વાભાવિક થઈ પડી છે.

પણ એવો એક પ્રસંગ બન્યો જેથી મીઠાનો પણ ત્યાગ કર્યો, જે લગભગ દશ વર્ષો સુધી તો અભંગપણે કાયમ રહ્યો. અન્નાહારને લગતાં કેટલાંક પુસ્તકોમાં વાંચ્યું હતું કે માણસને મીઠું ખાવું એ જરૂરી નથી, ને ન ખાનારને આરોગ્યની દૃષ્ટિએ લાભ જ થાય છે. બ્રહ્મચારીને તેથી લાભ થાય એમ તો મને સૂઝયું જ હતું. જેનું શરીર નબળું હોય તેણે કઠોળ ન ખાવું જોઈએ એમ પણ મેં વાંચ્યું અને અનુભવ્યું હતું. પણ હું તે તુરત છોડી શક્યો નહોતો. બન્ને વસ્તુઓ મને પ્રિય હતી.

પેલી શસ્ત્રક્રિયા પછી જોકે કસ્તૂરબાઈને રક્તસ્ત્રાવ થોડા સમયને સારુ બંધ રહ્યો હતો પણ પાછો તેણે ઊથલો માર્યો. તે કેમેય મટે નહીં. નકરા પાણીના ઉપચારો વ્યર્થ નીવડ્યા. પત્નીને જોકે મારા ઉપચારો ઉપર ઝાઝી આસ્થા નહોતી છતાં તેનો તિરસ્કાર પણ નહોતો. બીજી દવા કરવાનો આગ્રહ નહોતો. તેથી જ્યારે મારા બીજા ઉપચારોમાં સફળતા ન મળી ત્યારે મેં તેને મીઠું અને કઠોળ છોડવા વીનવી. બહુ મનાવતા છતાં, મારા કથનના ટેકામાં કંઈ કંઈ વંચાવતાં છતાં, માને નહીં. છેવટે તેણે કહ્યું, 'કઠોળ ને મીઠું છોડવાનું તો ???? કોઈ કહે તો તમે પણ ન છોડો.' મને દુઃખ થયું ને હર્ષ પણ થયો. મારો પ્રેમ ઠલવવાનો મને પ્રસંગ મળ્યો. તે હર્ષમાં મેં તુરત જ કહ્યું, 'તારી માન્યતા ભૂલભરેલી છે. મને દરદ હોય ને વૈદ આ વસ્તુ કે બીજી કોઈ વસ્તુ છોડવાનું કહે તો જરૂર છોડી દઉં. પણ જા, મેં તો એક વર્ષને સારુ કઠોળ અને મીઠું બંને છોડ્યાં. તું છોડે કે ન છોડે એ નોખી વાત છે.'

પત્નીને ભારે પશ્ચાત્તાપ થયો. તે બોલી ઊઠી, 'મને માફ કરો. તમારો સ્વભાવ જાણતાં છતાં કહેતાં કહેવાઈ ગયું. હવે હું તો કઠોળ ને મીઠું નહીં ખાઉં. પણ તમે તો તમારું વેણ પાછું ખેંચી લો. આ તો મને બહુ સજા કહેવાય.'

મેં કહ્યું : 'તું કઠોળ મીઠું છોડશે તો તો બહુ જ સારું. મારી ખાતરી છે કે તેથી તને ફાયદો જ થશે. પણ લેવાયેલી પ્રતિજ્ઞા મારાથી ફેરવાય નહીં. મને તો લાભ જ થવાનો. ગમે તે નિમિત્તે માણસ સંયમ પાળે તોયે તેમાં લાભ જ છે. એટલે તું મને આગ્રહ ન કરજે. વળી મને પણ મારી પરીક્ષા થઈ રહેશે, ને તે બે વસ્તુઓ છોડવાનો જે નિશ્ચય તેં કર્યો છે તેમાં કાયમ રહેવામાં તને મદદ મળશે.' આ પછી મને મનાવવાપણું તો રહ્યું જ નહીં. 'તમે તો બહુ હઠીલા છો. કોઈનું કહ્યું માનવું જ નહીં.' કહી ખોબો આંસુ ઢાળી શાંત રહી.

આને હું સત્યાગ્રહને નામે ઓળખાવવા માગું છું ને તેને મારી જિંદગીનાં મીઠાં સ્મરણોમાંનું એક માનું છું.

આ પછી કસ્તૂરબાઈની તબિયત ખૂબ વળી. આમાં મીઠાનો ને કઠોળનો ત્યાગ કારણભૂત હતો અગર કેટલે અંશે કારણભૂત હતો, અથવા તો તે ત્યાગથી થતા ખોરાકના નાનામોટા બીજા ફેરફારો કારણરૂપ હતા, કે ત્યાર પછીના બીજા નિયમોનું પાલન કરાવવામાં મારી ચોકી નિમિત્તરૂપ હતી, કે ઉપલા કિસ્સાથી થયેલો માનસિક ઉલ્લાસ નિમિત્તભૂત હતો, - તે હું નથી કહી શકતો. પણ કસ્તૂરબાઈનું નખાઈ ગયેલું શરીર વળવા માંડ્યું, રક્તસ્ત્રાવ બંધ થયો, ને 'વૈદરાજ' તરીકે મારી શાખ કંઈક વધી.

મારા પોતાની ઉપર તો આ બન્ને ત્યાગની અસર સરસ જ થઈ. ત્યાગ પછી મીઠાની કે કઠોળની ઈચ્છા સરખીયે ન રહી. વર્ષ તો ઝપાટાભેર વીત્યું. ઈન્દ્રિયોની શાંતિ વધારે અનુભવવા લાગ્યો, અને સંયમની વૃદ્ધિ તરફ મન વધારે દોડવા લાગ્યું. વર્ષના અંત પછી પણ કઠોળ ને મીઠાનો ત્યાગ છેક દેશમાં આવ્યો ત્યાં લગી ચાલુ રહ્યો કહેવાય. માત્ર એક જ વખત વિલાયતમાં ૧૯૧૪ની સાલમાં મીઠું ને કઠોળ ખાધાં હતાં પણ તે કિસ્સો ને દેશમાં આવ્યા પછી બન્ને કેમ ફરી લેવાયાં તે હવે પછી.

મીઠું ને કઠોળ છોડાવવાના પ્રયોગો મેં બીજા સાથીઓ ઉપર પણ સારી પેઠે કરેલા, ને દક્ષિણ આફ્રિકામાં તો તેનાં પરિણામો સારાં જ આવ્યાં હતાં. વૈદક દૃષ્ટિએ બન્ને વસ્તુઓના ત્યાગને વિષે બે મત હોય, પણ સંયમની દૃષ્ટિએ તો બન્ને વસ્તુઓના ત્યાગમાં લાભ જ છે એ વિષે મને શંકા જ નથી. ભોગી તેમ જ સંયમીના ખોરાક જુદા, તેના રસ્તા જુદા હોવા જોઈએ. બ્રહ્મચર્યનું પાલન ઇચ્છનારા ભોગીનું જીવન ગાળીને બ્રહ્મચર્યને કઠિન ને કેટલીક વાર લગભગ અશક્ય કરી મૂકે છે.

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર

'કર ભલા, હોગા ભલા' સૂત્ર સંસ્થાનો કાર્યમંત્ર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ૧૭૪૪ વિદ્યાર્થીઓને ૧.૫૦ કરોડની સ્કોલરશીપ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેનશ્રી માણેકલાલ એમ. પટેલની સાતમી પુણ્યતિથિ નિમિત્તે ૧૨મી જાન્યુઆરીએ કડી-ગાંધીનગરના ૧૭૪૪ વિદ્યાર્થીઓને ૧.૫૦ કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવશે. એ.એચ. મલ્ટીપલ ઈન્ડોર સ્ટેડિયમ હોલ, કડી કેમ્પસ, કડી મુકામે સવારે ૯.૦૦ કલાકે વિદ્યાર્થીઓને ટ્રસ્ટી મંડળના સભ્યો, સહિત દાતાશ્રીઓના હસ્તે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવામાં આવશે.

આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલયના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ,

સેક્રેટરીશ્રીઓ, ટ્રસ્ટ્રી મંડળના સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, આચાર્ય, શિક્ષકો, કર્મચારીગણ સહિત વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહશે.

સમાજમાં શિક્ષણની જ્યોત પ્રજ્જવલિત કરવા માટે ઈ.સ. ૧૯૧૯માં કડી મુકામથી "કર ભલા હોગા ભલા" શબ્દ સાધના માટે "સર્વ વિદ્યાલય" નામની શિક્ષણ સંસ્થાની સ્થાપના છગનભા દ્વારા કરવામાં આવી હતી. ભેખધારી છગનભા એ ગામે ગામ અને ઘરે ઘર જઈને શિક્ષણની જ્યોત ફેલાવી હતી. "કર ભલા હોગા ભલા" શબ્દને ઉજાગર કરતાં સંસ્થા થોડા જ વર્ષોમાં આખા ગુજરાતમાં પોતાની નામના ધરાવતી થઈ. સંસ્થાની મુલાકાતે વડોદરાના તત્કાલીન ગાયકવાડ અને આપણાં રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીજી એ પણ રૂબરૂ મુલાકાત લઈ સંસ્થાની કામગીરીને વખાણી છે.

કર્મઠ ટ્રસ્ટીશ્રીઓ, દાતાઓશ્રી, શિક્ષકશ્રીઓ, કર્મચારીઓ સહિત વિદ્યાર્થીઓએ તન-મન-ધનથી સર્વ વિદ્યાલને ઉચ્ચ સ્થાને લઈ જવાનો પ્રયાસ કર્યો છે. આવા જ એક વિદ્યાર્થી જેમણે શિક્ષણનું ઋણ અદા કરવાની ભાવના સાથે તેમણે પૂ. છગનભાના આદર્શ ધ્યેયને પૂર્ણ કરવા "કર ભલા હોગા ભલા" મંત્રને સાર્થક સર્વવિદ્યાલયનો

પ્રસંગસર
મિતેષ મોદી - કુંતલ નિમાવત

ધૂરા હાથમાં લીધી તેઓ સ્વ. શ્રી માણેકલાલ એમ. પટેલ છે. તેમણે સંસ્થાને વટવૃક્ષ બનાવી દીધું. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સૌથી મોટી શિક્ષણ સંસ્થા અને કડી સર્વવિશ્વવિદ્યાલય નામની સ્વાયત યુનિવર્સિટીની સ્થાપના કરી.માણેકદાદા માટે હું ગાંધીજીના શબ્દોમાં કહું તો, "કોઈ એક કર્મ દ્વારા ફક્ત એક જરૂરિયાતમંદ હૃદયની સેવા હજારો માથાઓના પ્રાર્થનામાં ઝૂકવા કરતા વધારે સારી છે."

માણેકદાદાના સન્માન સમારંભમાં અભિવાદન અંગે ઉચ્ચારેલાં શબ્દો વહીવટકર્તાઓ માટે આજે પણ દૃષ્ટાંત રૂપ છે. "આ મારુ સન્માન નથી પણ મારી સંસ્થાનું સન્માન છે. વ્યક્તિ મહાન નથી, પરંતુ સંસ્થા મહાન છે. આવી સંસ્થાને પોષવી જોઈએ. મારી રગરગમાં સર્વવિદ્યાલય છે." છગનભા દ્વારા "કર ભલા હોગા ભલા" મંત્ર આપી સર્વ વિદ્યાલય નામના બીજની સ્થાપના કરાઈ, જેમાંથી શિક્ષણનું વૃક્ષ ઊભું થયું. માણેકદાદાએ તેનો વટવૃક્ષ બનાવ્યું. સમાજનો દરેક વ્યક્તિ શિક્ષણથી વંચિત ન રહે તેવા પ્રયાસો કર્યા હતાં. ખાનગી સંસ્થા હોવાથી મેનેજમેન્ટ કોટો રાખી શકે છે. શિક્ષણના મહત્વ અને સંસ્થાના મંત્રને સાક્ષાત્કાર કરેલ છે. આથી મેનેજમેન્ટ કોટા સર્વ વિદ્યાલય સ્વીકારતી નથી. ફક્ત વિદ્યાર્થીઓના હીતને જ ધ્યાનમાં લે છે. માણેકદાદાએ પોતાના કાર્યકાળ દરમ્યાન આર્થિક રીતે અસક્ષમ વિદ્યાર્થીઓને ફી માફી કરીને અથવા પોતે ભરીને શિક્ષણનો અર્થ સમજાવ્યો છે.

આ જ વિચારને આગળ ધપાવતાં વર્તમાન ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા પૂર્વ ચેરમેન સ્વ. શ્રી માણેકલાલ પટેલની પુણ્યતિથિના દિન ૧૨મી જાન્યુઆરીએ "માણેકલાલ એમ.પટેલ મેમોરીયલ સ્કોલરશીપ" ૨૦૧૩થી શરૂ કરાવી છે. ૨૦૧૮ સુધીમાં ૫૫૩૫ થી વધુ વિદ્યાર્થીઓ રૂપિયા ૭ કરોડથી વધુ રૂપિયાની સ્કોલરશીપ મેળવી ચૂક્યા છે.

ગાંધીજીએ કહ્યું છે : "શ્રદ્ધા એ ગ્રહણ કરવાની વસ્તુ નથી, એ એક અવસ્થા છે જેમાં આપણે વિકાસ પામવાનો છે." સંસ્થાના વર્તમાન વડા અને વાહકો વલ્લભભાઈ સંસ્થાના મૂળ મંત્ર પ્રતિ અખૂટ શ્રદ્ધા ધરાવે છે અને આ જ શ્રદ્ધા સર્વ વિદ્યાલયને મજબૂતી બક્ષી રહી છે.